જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૮/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૩૨૦/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૫૬ | ૦ | ૧૦૩૬૫ | ૧૬૪૧૦ | ૧ | ૧૬૪૧૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૫ | ૧ | ૪૩૩૬ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૪ | ૨૦૯ | ૫ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૦૮ | ૧૦ | ૧૪૦૧૮ | ૧૪૫૪૦ | ૧૧ | ૧૪૫૫૧ |
| | કુલ | ૨૮૭૪૩ | ૧૧ | ૨૮૭૫૪ | ૩૭૦૧૦ | ૧૭ | ૩૭૦૨૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૭ | ૯,૩૩,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૩૯ | ૩,૬૯,૫૦૦/- |

# ધાડના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## જી.આઇ.ડી.સી. વટવા પોલીસ સ્ટેશન :

## ધાડ કરી ભાગવાનો પ્રયાસ કરનાર ત્રણ આરોપીઓને સ્થળ ઉપર પકડી પાડી તેમજ ભાગી ગયેલ બે આરોપીઓને ગણત્રીના  કલાકોમાં પકડી પાડતી જી.આઈ.ડી.સી.વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી  ગૌતમ પરમાર સાહેબ સેક્ટર-૨ અમદાવાદ શહેર નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં વધતા શરીર સબંધી તેમજ મિલકત સબંધી ગુના અટકાવવા તેમજ ભેદ ઉકેલવા સારૂ મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ 'જે' ડીવીઝન નાઓના માર્ગદર્શન તળે જી.આઈ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ મ.સ.ઇ.મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ બ.નં.૧૩૬૩૨ તથા પો.કો.વિજયસિંહ ભુપતસિંહ બ.નં.૧૩૧૮૮ તથા લોક રક્ષક દીવ્યરાજસિંહ રવિન્દ્રસિંહ બ.નં-૧૯૦ તથા લોક રક્ષક રવિકુમાર શાહુભાઈ બ.નં-૪૨૬૫ તથા લોક રક્ષક સચિન અનિલકુમાર બ.નં.૧૨૭૨૨ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મ.સ.ઇ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ લોક રક્ષક દીવ્યરાજસિંહ રવિન્દ્રસિંહ બ.નં-૧૯૦ તથા લોક રક્ષક રવિકુમાર શાહુભાઈ બ.નં-૪૨૬૫ નાઓને ખાનગી રાહે હકીકત મળેલ કે "વટવા જી.આઇ.ડી.સી. પુનીતનગર ફાટક પાસે ભદ્રકાળીના મંદીર આગળ ટર્નીંગ પર જાહેરમાં કેટલાક ઇસમો મોબાઇલ લુટેલ છે અને છરી બતાવી ભાગી જવાનો પ્રયત્ન કરે છે" જેથી સત્વરે સદરી જગ્યાએ પહોંચતા એક ઇસમ પોતાના હાથમાં છરી રાખી વીંજતો હતો અને એક ઇસમને ઇજા કરેલ અને ભાગી જવાનો પ્રયત્ન કરતો હતો તેમજ બીજા બે ઇસમો પણ ભાગવાનો પ્રયત્ન કરતા હતા જેથી જરૂરી બળ વાપરી ત્રણેય આરોપીઓને સ્થળ ઉપર પકડી પાડેલ તેમજ સઘળી હકીકતની જાણ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહીલ સાહેબ નાઓને કરતા જરૂરી પોલીસ દળ સાથે સ્થળ પર પધારી આરોપીઓ (૧) સલમાન સ/ઓ શેરઅલી હાસ્મીન રહે- અકબરનગર છાપરા બાપુનગર અમદાવાદ તથા (૨) મોહંમદ રિઝવાન સ/ઓ મોહંમદ જાવેદ શેખ રહે-ચાર માળીયા, સદભાવના ,વટવા અમદાવાદ (૩) મોહંમદ આબીદ સ/ઓ કરીમભાઇ ભૂરજી રહે-મણીલાલની ચાલી વિરાટનગર અમદાવાદ નાઓને પુછપરછ કરતા પોતે પાંચ ઇસમો હતા અને એક ઇસમનો મોબાઇલ છરી બતાવી લુટી લીધેલ છે જેથી ભાગતા હોવાનુ જણાવેલ જેથી જીઆઇડીસી વટવા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.ન.૦૦૫૩૬/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ- ૩૯૭, ૩૨૪, તથા જી.પી એક્ટ ક.૧૩૫(૧) મુજબ ફરીયાદી શ્રી જગદીશભાઇ સ/ઓ વિનોદભાઇ જાતે ચુનારા ઉ.વ.૩૨ ધંધો-છુટક મજુરી રહેવાસી-

બ્લોક નં-૦૪/૧૧૨ ,ગરીબ આવાસ યોજના નારોલ ગુજકો માર્શલની પાછળ ,નારોલ અમદાવાદ શહેર નાઓની ફરીયાદ નોંધી ગુનાવાળી જગ્યાથી એક છરી, એક કાળા કલરનુ એક્ટીવા તથા સિલ્વર કલરનુ નંબર વગરનુ સ્પ્લેન્ડર મો.સા. કબ્જે કરવામાં આવેલ .

તેમજ સ્થળ પરથી લુટ કરી નાસી ગયેલ આરોપીઓ (૪) અઝાન ઉર્ફે મહમદઆમીન સ/ઓ શબ્બીરભાઇ કુરેશી ઉ.વ ૩૨ રહે-શ્યામાપ્રસાદની ચાલી શ્રીલંકા વટવા અમદાવાદ (૫) અઝીઝ અહેમદ ઉર્ફે કાલીયા ઉર્ફે જીતુ સ/ઓ સંજયભાઇ રામ અમીર અંસારી(ગૌતમ) ઉ.વ ૨૫ રહે- છોટુભઈ કડીયાના મકાનમા પન્ના એસ્ટેટ મણીલાલની ચાલી ગરીબનગર બાપુનગર અમદાવાદ નાઓને ગણત્રીની કલાકોમાં પકડી પાડી તમામ આરોપીઓના મે પોલીસ કમિ.શ્રીના પત્ર ક્રમાક-જી/૭૨૫/સીપી/૨૩૪૫/૨૦૨૦ તા-૨૬/૦૪/૨૦૨૦ ના જણાવેલ અમલવારી મુજબ આરોપીઓ ને જરૂરી પોલીસ જાપ્તા સાથે COVID-19 ટેસ્ટ કરાવવા સારુ સિવીલ હોસ્પીટલ મોકલી આપી સેમ્પલ લેવડાવેલ છે.તેમજ આગળ તપાસ હાથ ધરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

## આરોપીઓનો ગુનાહીત ઇતીહાસ

| અ. નં. | આરોપીનુ નામ સરનામુ | આરોપીના ફોટા | આરોપીનો ગુનાહીત ઇતીહાસ |
|---|---|---|---|
| ૧ | સલમાન શેરઅલી હાસ્મીન રહે.અકબરનગર છાપરા બાપુનગર |  | (૧) શહેરકોટડા પો.સ્ટે. ફસટ ૦૮/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૪૪<br>(૨)બાપુનગર પો.સ્ટે. ફસ્ટ ૦૦૮૮/૨૦ ઇ.પી.કો. કલમ ૩૨૪ વિગેરે |
| ૨ | મોહમદ રીજવાન મોહમદ જાવેદ શેખ રહે. ચારમાળીયા સદભાવનાનગર વટવા |  | (૧) શાહપુર પો.સ્ટે. ફસ્ટ ૭૨/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪૪ જી.પી.એક્ટ ૧૩૫(૧)<br>(૨)બાપુનગર પો.સ્ટે. ૦૦૯૧૧/૨૦ જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ<br>(3) વટવા પો.સ્ટે. ૦૦૩૬૬/૨૦ ઈપીકો કલમ-૧૮૮ મુજબ |
| 3 | મોહમદ આબીદ કરીમભાઇ ભુરજી રહે.મણીલાલની ચાલી, વિરાટનગર અમદાવાદ શહેર |  | (૧) ઓઢવ ૩૨૫૭/૨૦૧૩ ઇ.પી.કો. કલમ ૨૯૪(ખ),૫૦૬(૨) ૧૪૪<br>(૨) નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૩૦૮/૨૦૧૩ ઈપીકો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪<br>(૩) બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૨૦૦/૨૦૦૬ ઈપીકો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ<br>(૪) દાણીલીમડા પો.સ્ટે ફ.ગુ.ર,.નં-૧૧૯/૨૦૧૪ ઈપીકો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦,૪૧૧,૧૧૪ મુજબ<br>(૫)રામોલ પો.સ્ટે. ૩૨૯૨/૨૦૧૧ ઇ.પી.કો. કલમ ૩૨૩<br>(૬)બાપુનગર પો.સ્ટે. ફસ્ટ ૧૫૯/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૩૨૪,૧૧૪ વિગેરે<br>(૭) બાપુનગર પો.સ્ટે. ફસ્ટ ૮૦/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૩૨૪,૧૧૪ વિગેરે<br>(૮) બાપુનગર પો.સ્ટે. ૨૬૨/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૩૨૪,૧૧૪ વિગેરે<br>(૯) રામોલ પો.સ્ટે.૧૦૨/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦, ૧૧૪ મુજબ |

| | | | |
|---|---|---|---|
| | | | (૧૦) રામોલ પો.સ્ટે. ૧૧૫/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦, ૧૧૪ મુજબ<br>(૧૧) રામોલ પો.સ્ટે. ૧૦૫/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦, ૧૧૪ મુજબ<br>(૧૨)રખીયાલ પો.સ્ટે. ૪૨/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦, ૧૧૪ મુજબ<br>(૧૩) બાપુનગર પો.સ્ટે. ૩૧૫૫/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૧૧૪<br>(૧૪) બાપુનગર પો.સ્ટે. ૩૨૯૦/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૧૧૪<br>(૧૫) બાપુનગર પો.સ્ટે. ૩૩૫૨/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૧૧૪<br>(૧૬) બાપુનગર પો.સ્ટે. ૩૦૩૮/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૧૧૪<br>(૧૭)ગોમતીપુર પો.સ્ટે. ફસ્ટ ૨૪/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪<br>(૧૮) બાપુનગર પો.સ્ટે. ૫૦/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૪<br>(૧૯) બાપુનગર પો.સ્ટે. ૪૬/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૨૪,૩૨૩,૫૦૬(૨) વિગેરે<br>(૨૦) બાપુનગર પો.સ્ટે. ૧૪૧/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૦૭,૩૨૬, ૫૦૬(૨)<br>(૨૧) બાપુનગર પો.સ્ટે. ૩૩૬૬/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૫૦૭,૧૧૪ વિગેરે<br>(૨૨) બાપુનગર પો.સ્ટે. ૩૧૫૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૨૯૪(ખ),૫૦૬(૧) વિગેરે<br>(૨૩) બાપુનગર પો.સ્ટે. ૦૦૮૮/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ) |
| ૪ | અજીજઅહેમદ સંજયભાઇ રામઅમીર અંસારી રહે. રહે.મણીલાલની ચાલી, વિરાટનગર અમદાવાદ શહેર |  | બાપુનગર પો.સ્ટે ૧૧૧૯૧૦૦૦૭૨૦૦૯૧૦/૨૦૨૦ જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ |
| | અબગાન શબ્બીરભાઇ કુરેશી રહે.નુરનગર રખીયાલ અમદાવાદ શહેર |  | (૧) રખિયાલ પો.સ્ટે સે.ગુ.ર.નં-૩૦૫૩/૨૦૧૮ જુગાર ધારા કલમ-૧૨ એ મુજ્બ<br>(૨) રખિયાલ પો.સ્ટે સે.ગુ.ર.નં-૩૨૨૯/૨૦૧૮ જુગાર ધારા કલમ-૧૨ એ મુજ્બ<br>(3) રખિયાલ પો.સ્ટે સે.ગુ.ર.નં-૩૨૪૨/૨૦૧૮ જુગાર ધારા કલમ-૧૨ એ મુજ્બ<br>(૪) રખિયાલ પો.સ્ટે સે.ગુ.ર.નં-૩૦૪૩/૨૦૧૯ જુગાર ધારા કલમ-૧૨ એ મુજ્બ |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## અમરાઇવાડી પોલીસ સ્ટેશન :

### વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમરાઇવાડી પોલીસ

મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચનાથી ના.પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડીવીજન સાહેબ નાઓએ ડિટેક્શન કરવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર એન.એલ.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ એન.એમ.બારોટ સા.તથા આસી.સબ ઇન્સ. નવનિતભાઇ નરોતમભાઇ બ.નં. ૭૮૩૮ તથા આસી.સબ ઇન્સ. જીતેન્દ્રસિંહ ગુમાનસિંહ બ.નં. ૮૨૭૨ તથા આસી.સબ ઇન્સ. જવસિંહ દલાભાઇ બ.નં. ૭૪૯૩ તથા પો.કો.ભાવેશ રામદાસ બ.નં. ૧૦૦૬૫ તથા લો.ર. જિગનેશકુમાર દિનેશભાઇ બ.નં.૧૫૧૧ તથા લો.ર. રાજકુમાર ખાનાભાઇ બ.નં.૧૫૨૬ તથા લો.ર.મનિષકુમાર ઇશ્વરલાલ બ.નં. ૧૨૫૭૦ તથા લો.ર. જિગનેશકુમાર દિનેશભાઇ બ.નં.૧૫૨૬ એ રીતેના સ્ટાફનાં માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના એલ.આર.જીગ્નેશભાઈ દીનેશભાઈ તથા એલ.આર.અનિલકુમાર ગોવિંદભાઈ નાઓની સંયુકત બાતમી મળેલ કે "અમરાઇવાડી પો.સ્ટે-પાર્ટ એ/૧૧૧૯૧૦૦૪૨૦૦૬૨૯/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનામા મહિન્દ્રા બોલેરો ગાડી નં.GJ.01.CZ.5687 ની ચોરી કરનાર આરોપીઓ પૈકી એઝાજહુસેન ઉર્ફે અજ્જુ અબ્દુલઝબ્બાર અંસારી જેણે શરીરે જાંબલી કલરનુ શર્ટ તથા વાદળી કલરનુ પેન્ટ પહેરેલ છે તે ગુજરાત બોટલીંગ ચાર રસ્તા તરફથી આવી અત્રે થઇ રામ રાજ્ય તરફ જવાનો છે જે બાતમી આધારે તપાસ કરતા ઉપરોક્ત વર્ણન વાળો ઇસમ મળી આવતા સદરીને ત્યાજ રોકી લઇ પંચો રુબરુ તેનુ નામઠામ પુછતા તેણે પોતે પોતાનુ નામ એઝાજહુસેન ઉર્ફે અજ્જુ અબ્દુલઝબ્બાર અંસારી ઉ.વ. ૪૭ રહે. મ.નં.૪૦, મણીલાલ મથુરદાસની ચાલી, પન્ના એસ્ટેટ રોડ, બાપુનગર અમદાવાદ નાનો હોવાનુ જણાવેલ જેથી સદરીને વિશ્વાસમાં લઇ પુછતા તેણે જણાવેલ કે " હુ તથા મારો મિત્ર મહમદયુસુફ ઉર્ફે ટકલો મહમઅલી રાજપુત રહે. મણીલાલ મથુરદાસની ચાલી, પન્ના એસ્ટેટ રોડ, બાપુનગર અમદાવાદ નાઓ બન્ને ભેગા મળી એક્ટીવા રજી.નં.GJ-27-DF-5447 લઇ અમરાઇવાડી, શીવનગરની સામે મેટ્રો સ્ટેશનની નીચે રોડ ઉપર પાર્ક કરેલ મહિન્દ્રા બોલેરો ગાડી જેનો આર.ટી.ઓ. રજી.નં. નં.GJ.01.CZ.5687 ની ચોરી કરી બાપુનગર, પન્ના એસ્ટેટ પાસે, મરઘા ફાર્મની સામે, જમુનાનગના છાપરા પાસે આવેલ ખુલ્લા મેદાનમા અન્ય વાહનોની વચ્ચે સંતાડી મુકી રાખેલ છે તેમ જણાવી ગુનાની કબુલાત કરતો હોય જેથી સદરીને સાથે રાખી બતાવેલ જગ્યાએ તપાસ કરતા સદરી જગ્યાએ ઉપરોક્ત ગુનામા ચોરીમા ગયેલ બોલેરો ગાડી રજી.નં. નં.GJ.01.CZ.5687 જેનો એન્જીન નં.૨૯૮૮૯ તથા ચેસીસ નં.૪૭૩૬૮ મળી આવતા બોલેરો ગાડી કિ.રૂ.૧૫૦,૦૦૦/- તથા સદર ગુનામા વપરાયેલ એક્ટીવા જેનો રજી.નં.GJ-27-DF-5447 કિ.રૂ. ૨૦૦૦૦/-મળી કુલ્લે ૧,૭૦,૦૦૦/-નો ગણી પંચનામા વિગતે ગુનાના કામે મુદ્દામાલ કબ્જે કરી અમરાઇવાડી પો.સ્ટે -પાર્ટ એ/૧૧૧૯૧૦૦૪૨૦૦૬૨૯/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી આરોપી એઝાજહુસેન ઉર્ફે અજ્જુ અબ્દુલઝબ્બાર અંસારી રહે. મ.નં.૪૦, મણીલાલ મથુરદાસની ચાલી, પન્ના એસ્ટેટ રોડ, બાપુનગર અમદાવાદ વાળાની વિરૂદ્ધમા કાયદેસર કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે

# “શી ટીમની કામગીરીની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :

આજરોજ શાહીબાગ પોલીસ સ્ટેશન A- She team તેમજ B-she team દ્વારા અસારવા સિવિલ ખાતે One Stop Crisis Center ની મુલાકાત કરવામાં આવી  મહિલાઓને ઘરેલું હિંસા પીડિત મહિલાઓ ને કેવી રીતે સંસ્થા દ્વારા કાઉન્સલીંગ કરે છે તેના વિશે માહિતી મેળવી.....

તેમજ પોસ્ટે વિસ્તારમાં અવાવરું જગ્યા ખાતે પેટ્રોલિંગ રાખવામાં આવેલ તેમજ સિનિયર સીટીઝન ની મુલાકાત લેવામાં આવેલ તેમજ તેઓને માસ્ક તેમજ દવા ની જરૂરિયાત હોય પોહચાડવામાં આવેલ છે.






## નરોડા પોલીસ સ્ટેશન :

### "ગુમ થયેલ મહીલાને શોધી કાઢીતી નરોડા "શી" ટીમ"

ગઇ તા.૦૫/૦૮/૨૦૨૦ના રોજ નરોડા પો. સ્ટે. ના પી.એસ.ઓ.નાઓને "વન સ્ટોપ ક્રીસીસ" મહીલા સેન્ટર મહેસાણાનાઓનો ફોન આવતા જણાવેલ કે કોઇ એક બેન નામે દિપ્તીબેન લાલજીભાઇનાઓ અહી મળી આવેલ છે જેઓ પોતે નરોડાના હોવાનુ જણાવે છે જે બાબતે નરોડા "શી" ટીમને પો. ઇન્સ. સાહેબે અમોને પુરૂ સરનામુ જાણી આ બાબતે તપાસ કરવા જણાવતા "શી" ટીમે આ ગુમ થનાર બેનનુ સરનામુ જાણી તેમના પતીને આ બાબતે જાણ કરતા ગુમ થનાર બેન અસ્થિર મગજના હોય ગઇ તા.૦૩/૦૮/૨૦૨૦ ના રોજ થી ઘરેથી ક્યાંક નીકળી ગયેલ છે, અને અમો એમની તપાસ કરી રહ્યા છીએ. જે જાણ ગુમ થનાર બહેન આ લાલજીભાઇ ધોકીયાના પત્ની હોય અમારી "શી" ટીમના પોલીસ સાથે મહેસાણા "વન સ્ટોપ ક્રીસીસ" સેન્ટરમાંથી મેળવી તેમના પરીવાર સાથે મેળવી સારી કામગીરી કરેલ છે. .તા.૦૭/૦૮/૨૦૨૦

કામગીરી કરનાર કર્મચારી

પો.સબ.ઇન્સ શ્રી એસ.એમ.ઠાકોર તથા "શી " ટીમના કર્મચારીઓ



# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

## ગણનાપાત્ર જુગારનો કેસ શોધી ૦૫ ઇસમોને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે તા.૦૬/૦૮/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પ્રોહી/જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારું પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.પો.કો રાજદીપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ નાઓની સંયુક્ત ખાનગી બાતમી હકિકત મળેલ કે શાહીબાગ સદર બજાર નંદુ ચોકના ઢાળની સીડીના પગથીયા નિચે આવેલ ઝાડીમા જાહેરમા ખુલ્લી જગ્યામા કેટલાક ઇસમો પોતાના આર્થિક ફાયદા સારૂ ગંજી પાનાથી તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમાડે છે જે હકીકત આધારે રેઇડ કરતા ૦૫ ઇસમો જુગારના સાધનો સાથે મળી આવતા તેમના વિરુધ્ધમાં ધી જુગારધારા કલમ-૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કલાક. ૧૯/30 વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે.

## આરોપીઓના નામ ;-

(૧) જગદીશ ઉર્ફે બાદલ ભરતસિંહ ઝાલા ઉ.વ.૩૫, ધંધો-મજુરી રહે-ખાડાવાળો વાસ, જહાંગીરપુરા, અસારવા, શાહીબાગ,અમદાવાદ શહેર + ૦૪ =૦૫

મુદ્દામાલ ;- અંગઝડતીમાંથી રૂ.૧૧૭૯૦/- તથા દાવના રૂ.૭૫૦/- મળી કુલ્લે રોકડ રૂ.૧૨૫૪૦/- મત્તાનો તથા ગંજી પાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦

## કામગીરી કરનાર અધિ./કર્મચારી;-

સર્વેલન્સ સ્કવોડ પો.સબ.ઇન્સ. આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.રાજદીપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯ તથા અ.પો.કો કિરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.લો.ર.અંકીતસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૧૨૪૧

## રામોલ પોલીસ સ્ટેશન :

(૧)

## જુગાર રમતા ૧૦ જુગારીઓને રૂ. ૩૫,૩૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અ'વાદ શહેર

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી તેમજ સંયુકત પોલીસ કમિશ્નર સેકટર -૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ વિભાગ નાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દારુ જુગારની પ્રવુતી સદંતર નેસ્ત-નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અમોએ સર્વે સ્કોડ પો.સ.ઇશ્રી વી.બી.વાઘેલા સાહેબ નાઓને આવી પ્રવુતી ચાલતી મળી આવેથી કાયદેસર કરવા સુચના કરેલ હોય જે આધારે તેઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં તા.૦૬/૦૮/૨૦૨૦ ના રોજ ના.રા પેટ્રોલીંગમાં દરમ્યાન ફરતા ફરતા કલાક ૨૩/૧૫ વાગે રામોલ સુર્યમ ગ્રીન ત્રણ રસ્તા પાસે આવતા સાથેના પો.કો લાલજીભાઇ જહાભાઇ તથા પો.કો ચિરાગભાઇ ભુપતભાઇ નાઓએ પો.સ.ઇ.શ્રીને સંયુકત ખાનગી બાતમી હકીકત આપેલ કે મનં.સી/૩૦૪ શાશ્વત મહાદેવ વિભાગ-૦૧ સુર્યમગ્રીન પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર ખાતે રહેતા કનુભાઇ ત્રિકમદાસ પટેલ નાઓ પોતાના કબજાના ઉપરોકત મકાનમાં બહારથી માણસો બોલાવી નાળ ઉઘરાવીને પોતાના આર્થિક ફાયદા માટે પોતાના મકાનમાં પૈસા પાનાથી તીન પત્તીનો હારજીતનો જુગાર રમી રમાડે છે અને હાલમાં પ્રવૃતી ચાલુમાં છે જે બાતમી હકીકત આધારે રેડ કરી કાયદેસર કરવા માટે તેઓએ રેડ કરવા જુગાર ધારા કલમ ૬(એ) મુજબનુ વોરંટ મેળવેલ અને પંચો તથા સ્ટાફના માણસો સાથે સદરી બાતમી વાળી જગ્યાએ જઇ રેડ કરી જુગાર રમતા

(૧) કનુભાઇ ત્રિકમદાસ પટેલ ઉવ.૪૫ રહે. મનં.સી/૩૦૪ શાશ્વત મહાદેવ વિભાગ-૦૧ સુર્યમગ્રીન પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર

(૨) રવિભાઇ મહેશભાઇ પટેલ ઉવ.૨૫ રહે. મનં.૩૭ શીવાલીક બંગલોઝ વસ્ત્રાલ ચાર રસ્તા પાસે વસ્ત્રાલ

(૩) યોગેશભાઇ નિલકંઠભાઇ પટેલ ઉવ.૨૫ રહે. મનં.એ/૩૦૪ જીવન આર્યા રેસેડેન્સી ગેલેક્ષે કોરલ પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર

(૪) જયદેવભાઇ નરેંદ્રભાઇ પટેલ ઉવ.૩૫ રહે. મનં.૧૦ મંગલતિર્થ સોસાયટી જલપરી સોસાયટી પાસે તક્ષશીલા ઓઢવ અમદાવાદ શહેર

(૫) રવિ સુરેશભાઇ પટેલ ઉવ.૨૭ રહે. મનં.૧૦ મંગલતિર્થ સોસાયટી જલપરી સોસાયટી પાસે તક્ષશીલા ઓઢવ અમદાવાદ શહેર

(૬) હિતેષકુમાર નટવરભાઇ પટેલ ઉવ.૩૦ રહે. મનં.૮૦ મનં.૧૦ મંગલતિર્થ સોસાયટી જલપરી સોસાયટી પાસે તક્ષશીલા ઓઢવ અમદાવાદ શહેર અમદાવાદ શહેર

(૭) મોંટુભાઇ રાજુભાઇ પટેલ ઉવ.૩૦ રહે. મનં.એચ/૨૦૧ સત્યનારાયણ હિલ ઉત્સવ સીટી પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર

(૮) હાર્દિક દિલીપભાઇ પટેલ ઉવ.૨૩ રહે. સી/૩૦૪ વૈદેહી પાર્ક સુર્યમગ્રીનની પાસે વસ્ત્રાલ

(૯) ભાગ્યેશ કનૈયાલાલ સોલંકી ઉવ. ૨૭ રહે. ક્યુ/૧૦૧ જીવનપ્રાણ રેસીડેન્સી ડી માર્ટની સામે નિકોલ અમદાવાદ શહેર

(૧૦) અરવિંદભાઇ દિનાનાથ પાંડે ઉવ.૩૫ રહે. મનં. જી/૨૦ શીવગણેશ રેસેડેન્સી દયાવાન પાર્ક પાસે નિકોલ અમદાવાદ શહેર.

નાઓને રોકડા રુપિયા ૩૫,૩૦૦/- તથા ગંજીપાના નંગ-૧૦૪ કિ.રૂ.૦૦/૦૦ ગણી કુલ્લે રુપિયા ૩૫,૩૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી અટક કરી પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓએ તપાસ હાથ ધરેલ છે.

(૨)

## જુગાર રમતા ૧૩ જુગારીઓને રૂ.૨૧,૮૨૦/-ના મુદ્દામાલ સાથે પકડી ધોરણસર કાર્યવાહિ કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

માનનીય પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તેમજ સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આઇ ડિવિઝન નાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દારૂ જુગારની પ્રવૃતિ સદંતર નેસ્ત-નાબુદ કરવા સુચના કરેલ હોય તે આધારે અમોએ સી.ટી.એમ.પોલીસ ચોકી ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ શ્રી બી.આર.ભાટી નાઓને આવી પ્રવૃતિ ચાલતી મળી આવે થી કાયદેસર કરવા સુચના કરેલ જે આધારે તેઓ સ્ટાફના માણસો સાથે ચોકી વિસ્તારમાં તા-૦૬/૦૮/૨૦૨૦ ના રોજ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક કલાક -૧૮/૧૦ વાગે ન્યુ મણીનગર શ્રીનંદસીટી ગરનાળા પાસે આવતા પો.સબ.ઇન્સ બી.આર.ભાટી નાઓએ ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે ન્યુ મણીનગર શ્રીનંદ સીટી-૧ માં આવેલ મ.નં-સી/૪૦૫ માં રહેતો ધનેશભાઇ શાહ નામનો માણસ પોતાના કબજાના મકાનમાં બહારથી માણસો બોલાવી પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડે છે અને તેઓની જુગાર રમવાની પ્રવુર્તી હાલ ચાલુ છે જે હકીકત આધારે સદર જગ્યાએ રેઇડ કરવા જુગારધારા કલમ -૬ મુજબનુવોરંટ મેળવેલ અને પંચો તથા સ્ટાફના માણસો સાથે સદરી બાતમી હકીકત વાળી જગ્યાએ જઇ રેઇડ કરતા જુગાર રમતા

નં(૧) ધનેશભાઇ કાંતીભાઇ જાતે-શાહ ઉં.વ.૫૨ રહે. મ.નં.-સી/૪૦૫ શ્રીનંદ સીટી વિભાગ-૧ ન્યુ મણિનગર રામોલ અમદાવાદ શહેર

(૨) ધવલભાઇ પ્રવિણભાઇ જાતે-પ્રજાપતિ ઉવ-૧૯ મ.ન.-૦૧ નિલકંઠ સોસાયટી વાંચગામ તા-દશક્રોઇ જિ-અમદાવાદ

(૩)સુધીરભાઇ રમણભાઇ જાતે-પ્રજાપતિ ઉવ-૩૦ રહે. વાંચગામ આઇડિયા ટાવરની બાજુમાં, તા-દશક્રોઇ જિ-અમદાવાદ

(૪)નિકુંજભાઇ ધનજીભાઇ જાતે-પરમાર ઉવ-૩૩ મ.ન.-૦૨ ભુમિ પાર્ક અનિલ સ્ટાર્ચ રોડ સરસપુર અમદાવાદ શહેર

(૫)સંજયભાઇ નારણભાઇ જાતે-પટેલ ઉવ-૪૮ રહે-મ.ન.-૪૨૩ વાંચગામ તા-દશક્રોઇ જિ-અમદાવાદ

(૬)ચિરાગભાઇ જગદીશભાઇ જાતે-પરમાર ઉવ-૨૬ રહે-મ.ન.-૨૯ ભુમિ પાર્ક અનિલ સ્ટાર્ચ રોડ સરસપુર અમદાવાદ શહેર (૭)જયદીપભાઇ ગોવિંદભાઇ જાતે-પ્રજાપતિ ઉવ-૨૭ રહે- વાંચગામ પ્રજાપતિ વાસ તા-દશક્રોઇ જિ-અમદાવાદ

(૮)તરંગ ઉર્ફે સંજયભાઇ બળવંતભાઇ જાતે-પ્રજાપતિ ઉવ-૩૩ રહે- વાંચગામ પ્રજાપતિ વાસ તા-દશક્રોઇ જિ-અમદાવાદ
(૯)ભાવેશ ઉર્ફે ગોપાલભાઇ પંકજભાઇ જાતે-પટેલ ઉવ-૩૮ રહે-મ.ન.-૭૯ રાજદીપ સોસાયાટી રાજેંદ્રપાર્ક ચાર રસ્તા પાસે ઓઢવ અમદાવાદ શહેર
(૧૦)મયંકભાઇ કૌશિકભાઇ જાતે-પટેલ ઉવ-૨૬ રહે-પટેલ ફળિયુ રાજા વલ્લભની સામે વાંચગામ તા-દશક્રોઇ જિ-અમદાવાદ (૧૧)નિરવ ઉર્ફે બબલુભાઇ રાજેશભાઇ જાતે-પટેલ ઉવ-૧૯ રહે- પટેલ ફળિયુ રાજા વલ્લભની સામે વાંચગામ તા-દશક્રોઇ જિ-અમદાવાદ
(૧૨)હાર્દિકભાઇ મહેશભાઇ જાતે-ઠક્કર ઉવ-૩૨ રહે-મ.ન.-એફ/૩૦૩ શ્રીનંદ સીટી વિભાગ-૧ ન્યુ મણિનગર રામોલ અમદાવાદ શહેર (૧૩)દર્શનભાઇ કનુભાઇ જાતે-પ્રજાપતિ ઉવ-૨૭ રહે-મ.ન.-૪/સી/૪૯૮ વિવેકાનંદનગર હાથીજણ વટવા અમદાવાદ શહેર
નાઓને રોકડા રૂ.૨૧૮૨૦/- તથા ગંજીપાના નંગ-પર કિ.રૂ.૦૦/૦૦ ગણી કુલ્લે રૂ.૨૧,૮૨૦/-ના મુદ્દામાલ સાથે પકડી અટક કરી પો.સ.ઇ બી.આર.ભાટી નાઓએ તપાસ હાથ ધરેલ છે

## નારોલ પોલીસ સ્ટેશન :

## નારોલ ખ્વાજાનગર ખાતેના મકાન નં ૨૩ માં જુગાર રમતા તેર ઇસમોને જુગાર રમવાના સાધનો સાથે કુલ્લે રૂપિયા-૨,૯૩,૩૫૦/- ની મત્તાનો જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિ.શ્રી સેકટર-૨ સા.શ્રી તેમજ નાયબ પોલીસ કમિ.શ્રી.ઝોન-૬ સાહેબ તેમજ મદદનિશ પોલીસ કમિ.શ્રી"કે" ડીવીઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સપેકટર ટી.કે.દેવમુરારી તથા પો.કો. શકિતસિંહ ઉદેસિંહ બ.નં.૫૭૩૩ તથા પો.કો. રામદેવસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૮૨૭૬ તથા વિજયસિંહ લાખુભા બ.નં ૬૧૭૯ તથા સહદેવસિંહ દેવેંદ્રસિંહ બ.નં.૧૩૦૮૪ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા પો.કો.યોગેશકુમાર ભગવતપ્રસાદ બ.નં.૬૩૬૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડમાં પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન ફરતા ફરતા કલાક ૦૨/૧૦ વાગે બાગેકૌશર મેદાન પાસે આવતા પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ તથા પો.કો.યોગેશકુમાર ભગવતપ્રસાદ નાઓને બાતમી હકીકત મળેલ કે "કે " ખ્વાજાનગર ખાતેના મકાન નં ૨૩ માં નિયાઝ સૈયદ તથા અશરફભાઈ ઉર્ફે ઘેટો અજગરઅલી શેખ નાઓ બંન્ને ઈસમો પોતાના આર્થીક ફાયદા સારૂ કેટલાક માણસો બોલાવી ગંજીપાના વડે પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી–રમાડે છે.અને જે પ્રવૃતિ હાલમાં ચાલુ છે" જે બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ રેઈડ કરતાં આરોપીઓ મોહમદ ઈસ્માઈલ ઉર્ફે રાજુ મોહમદઈકબાલ જાતે શેખ ઉ.વ.૩૩ ધંધો-છુટક મજુરી રહે-આયશાબીબી ની ચાલી મિલ્લતનગરના છાપરા મિરા ટોકીઝ પાસે ઈસનપુર રોડ ઈસનપુર અમદાવાદ શહેર+૧૨=૧૩ નાઓ મળી આવતાં તેઓની અંગઝડતી તપાસ કરતાં અંગજડતીના નાણા રૂપિયા.૭૦૫૦૦/– મકાનના નીચે ભોયતળીયે વેરણ છેરણ પડેલ દાવના નાણા રૂ.૩૫૮૫૦/- તથા મોબાઈલફોન નંગ ૧૨ કિ.રૂ.૩૭૦૦૦/-તથા વાહન નંગ ૦૩ કિ.રૂ.૧,૫૦૦૦૦/-ગંજીપાનાની કેટ નંગ-૦૪ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે રૂ.૨,૯૩,૩૫૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવતાં આજરોજ ત.૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૦૪/૩૦ વાગે પકડી અટક કરી તેમજ રેઈડ દરમ્યાન નહી મળી આવેલ નિયાઝ શેખ તથા અશરફભાઈ ઉર્ફે ઘેટો અજગરઅલી શેખ નાઓ તમામ વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૦૭૧૭/૨૦૨૦ ધી જુગારધારા કલમ ૪ ,૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



# પાસા અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

**(૧)**

ઓઢવ પોલીસ સ્ટેશન અમો પોલીસ ઇન્સ્પેક્ટર આર.જી.જાડેજા તરફથી અસામાજીક ગુના કરવાની ટેવવાળા ઇસમ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલવામાં આવેલ આવા ગુન્હાઓ કરતા ઇસમ ઉપર અંકુશ રહે તે સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધીક પોલીસ કમિશ્નર શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી અચલ ત્યાગી સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી એન.એલ.દેસાઇ "આઈ" ડીવીજન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને શૈલેષભાઇ કાનજીભાઇ જાદવ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં- PCB/DTN/PASA/599/20 તા.05/08/2020 ના હુકમ આધારે પાસા અટકાયટીને વોરંટની બજવણી કરી સુરત મધ્યસ્થ જેલ મોકલી આપી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે. તા-૦૬/૦૮/૨૦૨૦.

→ પાસા અટકાયતી:

શૈલેષભાઇ કાનજીભાઇ જાદવ, ઉ.વ.૨૪ રહેવાસી- મ.નં.-૭૮૭૮, ભગવતીનગર, પશુપતિનાથ મંદિરની પાછળ, સિંગરવા, ઓઢવ, અમદાવાદ શહેર

→ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

પો.સબ.ઇન્સ આર.એ.ઝાલા અ.હેડ.કોન્સ ચન્દ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯ પો.કો અતુલભાઇ સુખરામભાઇ બ.નં-૮૬૦૬ લોકરક્ષક રાજુભાઇ રહાભાઇ બ.નં-૧૦૫૮

**(૨)**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી અચલ ત્યાગી સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ હસમુખ ઉર્ફે મલીયો સન/ઓફ કાલીદાસ ઠાકોર ઉ વ ૨૫ રહે. મ. નં ૬૩ શહીદ મણીલાલની ચાલી ગીતા ગૌરી સિનેમા પાછળ રાજેન્દ્ર પાર્ક ઓઢવ અમદાવાદ શહેર નાઓ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે હસમુખ ઉર્ફે મલીયો સન/ઓફ કાલીદાસ ઠાકોર નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/603/2020 તા. 05/08/2020 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી આર એ ઝાલા તથા અ.હે.કો રાજેશભાઇ રમેશભાઇ બ.નં- ૬૭૭૯ તથા દિગ્વીજયસીંહ જગદીશસિંહ બ નં ૧૧૭૪૫ કરણભાઇ ગીરધરભાઇ બ.નં.૧૨૭૮૧ તથા લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ બ.નં.૧૫૩૦ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આજરોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને સુરત લાજપોર જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા. ૦૬/૦૮/૨૦૨૦

## <u>ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનઃ-</u>

**(૧)**

## પાસા અટકાયતના આરોપીને પકડી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ" વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.એન.પરમાર ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/પાસા/૪૭૫/૨૦૨૦ તા-૧૫/૦૭/૨૦૨૦ થી પાસા **અટકાયતી મનોજભાઈ દયાલદાસ આડતવાણી (સીંધી) ઉવ-૩૭ રહે-મ.નં ૩૭/બી, ઉધ્ધવનગર સોરાબજી કમ્પાઉન્ડ જુના વાડજ અમદાવાદ શહેરનાઓને મધ્યસ્થ જેલ સુરત** ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સદરીને તા-૨૬/૦૭/૨૦૨૦ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથેપાસામાં મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપેલ છે.



# પાસા અટકાયતના આરોપીને પકડી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ" વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.એન.પરમાર ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/પાસા/૪૭૫/૨૦૨૦ તા-૧૫/૦૭/૨૦૨૦ થી પાસા **અટકાયતી પમન ઉર્ફે પવન નંદલાલ સેજવાણી (સીંધી) ઉવ-૫૬ રહે-મ.નં ૧૫૬/એ, ઉધ્ધવનગર સોરાબજી કમ્પાઉન્ડ જુના વાડજ અમદાવાદ શહેર નાઓને મશ્યસ્થ જેલ સુરત** ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સદરીને તા-03/૦૮/૨૦૨૦ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપેલ છે.



## અમરાઇવાડી પોલીસ સ્ટેશનઃ-

# પ્રોહીબીશનની અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલને પાસા હેઠળ અટકાયત કરતી અમરાઇવાડી પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઇ” ડિવીઝન તથા નાઓએ પાસા,તડીપાર,વોન્ટેડ આરોપીઓ પકડવા આપેલ સુચના આધારે સિનીયર પોલીસ ઇન્સપેકટર એન.એલ.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ એન.એમ.બારોટ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના એલ.આર એલ.આર મનીષકુમાર ઇશ્વરભાઇ તથા વુ.એલ.આર શોભનાબેન નરસિંહભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે અત્રેના પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનાના કામે પાસા અટકાયતી મીનાબેન વા/ઓ ચંન્દ્રશેખર કવંડર (મદ્રાસી) ઉ.વ.૪૫ રહે, અમૃતલાલની ચાલી નેહરૂનગરના છાપરા હાટકેશ્વર પાસે અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓને હાટકેશ્વર રોડ પાસેથી પકડી અત્રેના પો.સ્ટે લાવી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં.પીસીબી/ડિટીએન/પાસા/૫૯૪/૨૦ તા.૩૧.૦૭.૨૦૨૦ ના હુકમની બજવણી કરી પાસા અટકાયતી તરીકે આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર-સુરત યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે મોકલી આપવા તજવીજ કરેલ છે

કામગીરી કરનાર કર્મચારી

(૧) હે.કો દોલાભાઇ વેલાભાઇ બ.નં.૯૮૫૫ (૨) એલ.આર શરદકુમાર અમથાભાઇ બ.નં.૧૩૫૮

(૩) એલ.આર હર્ષદભાઇ ભીખાભાઇ બ.નં.૧૪૨૭

## નારોલ પોલીસ સ્ટેશનઃ-

# પ્રોહીબીશનની અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલને પાસા હેઠળ અટકાયત કરી સુરત જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુતી આચરતા આરોપીબેન સજનબેન ઉર્ફે જશીબેન વા/ઓફ બાબુભાઇ પ્રેમાભાઇ જાતે ચુનારા ઉ.વ.૬૪ રહે. કંટોડીયાવાસ અંકુરમીલ પાસે રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેર હાલ રહે,ચુનારા વાસ દશામાના મંદીર પાસે નારોલ ગામ નારોલ અમદાવાદ શહેર ને પીસીબી/ડીટીએન/પાસા/૬૧૩/૨૦૨૦ તા.૦૫/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદર આરોપીને તારીખ.૦૬/૦૮/૨૦૨૦ ના કલાક ૧૭/૧૫ વાગ્યે બજવણી કરી લાજપોર સુરત જેલ ખાતે પાસા અટકાયતી તરીકે મોકલી આપેલ છે. તા.૦૬/૦૮/૨૦૨૦

## સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.

પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪

અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.ર પ્રહલાદસિંહ શિવસંગભાઇ

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૨૧/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૩૯૦ લીટર દેશી દારૂ, ૪૩૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૬૮ બિયર ટીન, ૧ કાર, ૧ આયસર ગાડી અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૯ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૧,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૨૨/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૩૨૩/૨૦૨૦

**રખિયાલ**ઃ ગાયત્રીબહેન વિનોદભાઇ પરમાર (ઉ.વ.૨૫) (રહે. ભગીરથ ભાગ્યોદય પાર્ક કઠવાડા રોડ સીંગરવા નિકોલ) તા.૦૬/૦૮/૨૦૨૦ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે રખિયાલ સોમા ટેક્સ ટાઇલ્સ ચાલી નંબર-૧ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગાયત્રીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૭,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગાયત્રીબહેન પરમારે રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ એમ.વી.ભાટીયા ચલાવે છે.

## વિજ કરંટ લાગતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૩૨૪/૨૦૨૦

**વસ્ત્રાપુર**ઃ વસ્ત્રાપુર આલ્ફા વન મોલની બાજુમા વેસ્ટ પાર્ક સેન્ટ્રલ સાઇટ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા રોહિત રાજારામ (ઉ.વ.૨૭) (મૂળ વતન- ઉરકરબા તા-સવાની મધ્યપ્રદેશ) તા.૦૫/૦૮/૨૦૨૦ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે સાઇડના પાછળના ભાગે આર.ઓ પ્લાન્ટની બાજુમા ગ્રાઉન્ડ ફ્લોર પર ઇલેક્ટ્રીકના બોર્ડ પાસે કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને ઝાયડસ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સહદેવસિહ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૫/૨૦૨૦**

**રાણીપઃ** સંજય ત્રિભોવનભાઇ સોલંકી (ઉ.વ.૩૦) (રહે. ગોપાલનગર અંધ કલ્યાણ કેન્દ્ર સામે રાણીપ) તા.૦૬/૦૮/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગ્યા પહેલા રાણીપ પોલ નંબર- ૫૦૩/૨૨ થી ૫૦૩/૨૪ વચ્ચે રેલ્વે ટ્રેકમાં ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.જી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૩૨૬/૨૦૨૦**

**સાબરમતીઃ** બાલકુમાર શારદા શર્મા (ઉ.વ.૪૦) (રહે. સરપંચની ચાલી બળીયાદેવના મંદીર પાસે કાળીગામ સાબરમતી) એ લોક ડાઉનમાં બેરોજગાર હોઈ આર્થિક પરિસ્થિતી સારી ના હોઈ મનમાં લાગી આવતા તા.૦૬/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**શાહીબાગઃ** વિક્રમ હરેશભાઇ કનોજીયા (ઉ.વ.૩૪) (રહે. કેમ્પ સદરબજાર કેન્ટોનમેન્ટ શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રસિહ ચલાવે છે.

**ઓઢવઃ** જીવણભાઇ મોહનભાઇ ચાવડા (ઉ.વ.૫૯) (રહે. અત્રી રેસીડેન્સી કાકાભાજીપાઉ પાછળ ઓઢવ) એ છેલ્લા ૧૫ વર્ષથી બિમારી હોઇ તેનાથી કંટાળી તા.૦૬/૦૮/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના બ્લોકની અગાસી ઉપર આવેલ લિફ્ટના કેબીનની સીડીએ દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાંતીલાલ જીવાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી